GJJN220001842026

દાખલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
નોંધણી તારીખ : ૧૬/૦૬ ૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૨/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.વંથલી.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર : ૮૪/૨૦૨૬</u>**

**આંક**

**પ્રતીકભાઇ ગીગાભાઇ ગોરજીયા,** **અરજદાર**
ઉ.વ. ૨૧, ધર્મે–હિન્દુ, ધંધો–મજુરી,
રહે. બામણાસા ગામ, વરુ શેરી,
તા.કેશોદ, જી.જુનાગઢ.
હાલ–જીલ્લા જેલ, જુનાગઢ.

**<u>વિરુધ્ધ</u>**

સ્ટેટ ઓફ ગુજરાત **સામાવાળા**

**<u>બાબત :</u>** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મળવા બાબત.

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

એડવોકેટસ : અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.એમ. ઝીંઝુવાડીયા
સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ઠ રા વ**

(૧) આ કામના અરજદાર/આરોપી સામે બાંટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૬૨૦૦૧૮/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૮૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબનો ગુનો તા.૨૦/૦૨/૨૦૨૬ થી નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીને તા.૧૭/૪/૨૦૨૬ ના રોજ અટક કરેલ ત્યારથી તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, પોલીસ ધ્વારા નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી દેતા હાલ પોકસો કેસ નં. ૩/૨૦૨૬ થી પેન્ડીંગ છે. ચાર્જશીટ થયા બાદ પ્રથમ વખત જામીન અરજી કરેલ છે. આ અગાઉ જામીન અરજી રજુ કરેલી તે ગુણદોષ ઉપર નામંજુર કરેલ છે. તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. ફરીયાદનું એક સાથે વાંચન કરતા ફરીયાદીની પુત્રી સાથે પ્રેમસબંધ હોવાનું ખુલી આવે છે પરંતુ માત્રને માત્ર ફરીસયાદ મુજબ ફરીયાદીની ફરીયાદ જોતા હાલના અરજદારનું નામ ફરીયાદીની પુત્રી ભોગ–બનનાર સાથે અગાઉ પ્રેમસબંધ હોવાનું સ્પષ્ટપણે ફરીયાદમાં ફરીયાદીએ જણાવેલ છે. તેઓએ કોઇ અપહરણ કરે કોઇ બળજબરીપુર્વક શારીરીક સબંધ બાંધેલ નથી કે કાયદેસરના વાલીપણામાંથી તેઓ ભગાડી ગયેલ નથી. ખરી હકીકતે ફરીયાદીની પુત્રી ભોગ બનનાર તેના મામાના ઘરે જવાનું કહી નીકળેલ અને ત્યાર બાદ નહી મળી આવતા અને જાણવા મળેલ કે, બે મહીના પહેલા બામણાસા ગામના હાલના અરજદારનો ફોન આવેલ હોય ભોગ બનનાર તેની સાથે વાતો કરતા પકડાયેલ જેથી અરજદારને ફોન કરી ઠપકો આપેલ તેવું ફરીયાદમાં જણાવેલ છે, જેથી શંકાના આધારે અરજદારનું નામ ફરીયાદમાં જણાવેલ છે અને તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર કેશોદ તાલુકાના બામણાસા ગામના રહેવાસી છે, બાપદાદાની ખેતીની જમીન ધરાવે છે, તેઓ પોતે ખેત મજુરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી, તેઓ કોઇ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી. ભોગ બનનાર સ્વેચ્છાએ પોતાની જાતે ઘરેથી નીકળી ગયાનું જણાય આવતુ હોય જેથી નામ. બોમ્બે હાઇકોર્ટના સુનીલ મહાદેવ પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, બેઇલ એપ્લીકેશન નં. ૧૩૬/૨૦૧૫ તા.૩/૮/૨૦૧૫ ના

ચુકાદા તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ફો.પ.અ.નં. ૨૦૪૨૩/૨૦૧૩ તા.૨૪/૪/૨૦૧૩ ના ચુકાદા તેમજ નામ.સુપ્રીમ કોર્ટના ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં. ૯૩ સંજયચંદ્રા વિરુધ્ધ સી.બી.આઇ.ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ અરજી મંજુર કરવા અરજ કરેલ છે. તેમજ નામ. સુપ્રીમ કોર્ટના ગુરુબક્ષસિંહ સીબીયા ૧૯૮૦ એ.આઇ.આર. ૨૦૧૮ સુપ્રીમ કોર્ટ પાના નં. ૧૬૩૨ તથા સીધ્ધરામ મહાત્રે વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજય તથા નામ.સુપ્રીમ કોર્ટના સંજયચંદ્ર વિ. સેન્ટ્રલ બ્યુરો ઇન્વેસ્ટીગેશન (૨૦૧૨)૧ એસસીસી ૪૦ તથા ૨૦૧૧ ૨૦૦૦ સ્યુટ (એસસી) ૧૨૩૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ જામીન સબંધી માર્ગદર્શક સિધ્ધાંત ધ્ય્ાને લઇ જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૨)** અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી હાજર થયેલ છે તથા બાંટવા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એચ.વી. ચુડાસમાનું જામીન અરજીના વિરોધમાં સોગંદનામુ રજુ થયેલ છે તે ધ્યાને લીધું તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

**(૩)** આ કામે અરજદારના વિ.વકીલશ્રીએ તેમની અરજી મુજબની દલીલ કરી જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીએ તેમની દલીલમાં બાંટવા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એચ.વી. ચુડાસમાએ તેના સોગંદનામામાં જણાવેલ હકીકત મુજબની દલીલ કરી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)** બંને પક્ષકારોની રજુઆતો તથા રજુ થયેલ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લીધું. આ કામના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબનો ગુનો તા.૨૦/૨/૨૦૨૬ ના રોજ દાખલ થયેલ છે અને સદર ગુનાના કામે અરજદારને તા.૧૭/૪/૨૦૨૬ ના રોજ અટક કરેલ ત્યારથી તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર આરોપીએ આ અગાઉ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે

ફો.પ.અ.નં. ૬૦/૨૦૨૬ થી અરજી રજુ કરેલી જે તપાસ ચાલુ હોવાના કારણે નામંજુર કરવામાં આવેલી. ત્યાર બાદ સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થઇ જતા તે પોકસો કેસ નં. ૩/૨૦૨૬ થી દાખલ થયેલ છે અને ચાર્જશીટ રજુ થયા બાદ હાલની આ પ્રથમ જામીન અરજી રજુ કરેલ છે. આ કામે પોલીસ પેપર્સ જોતા આ કામના ભોગ-બનનારનું તા.૧૭/૪/૨૦૨૬ ના રોજ તથા તા.૧૮/૪/૨૦૨૬ ના રોજ નીવેદન લેવામાં આવેલ છે, તે વંચાણે લેતા ‘‘દોઢેક વર્ષ પહેલાં જન્માષ્ટમીના તહેવાર ઉપર હું બામણાસા ગામે મારા કાકા મહેશભાઇના ઘરે ગયેલ હતી, ત્યારે મેં પ્રતિક ગીગાભાઇ ગોરજીયા, રહે. બામણાસા વાળો મને મળેલ હતો અને હું બે ત્રણ દિવસ બામણાસા ગામે રોકાયેલ, બાદ હું કોડવાવ ગામે મારા ઘરે આવતી રહેલ હતી, તે બાદ નવરાત્રીના તહેવાર દરમ્યાન મેં અમારા ઘરના મોબાઇલમાં મારું ઈન્સ્ટાગ્રામ માંથી આ પ્રતિક ગોરજીયાને તેના આઇ.ડી. માં મેસેજ કરેલ અને અમો બંનેએ એકબીજાનો પરીચય આપેલ, તે બાદ અમારા બંને વચ્ચે મેસેજથી વાત થયેલ અને ત્યાર બાદ પ્રતીકે તેના મોબાઇલ નંબર આપેલ, પછી હું તથા પ્રતીક બંને મારા મોબાઇલ નંબર ઉપરથી વાતચીત કરતા અને અમારી બંને વચ્ચે પ્રેમસબંધ થયેલ હતો...’’ તેવી હકીકત તેના નીવેદનમાં જણાવેલ છે. આ તબકકે નામ. ગુજરાત હાઇકોર્ટના મીસેલન્સ એપ્લીકેશન નં. ૧૨૧૮૦/૨૦૨૧ ઈરફાન સલીમ મજોઠી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસના ચુકાદામાં નામ. અદાલતે ઠરાવ્યા મુજબ હાલના અરજદાર આરોપી અને ભોગ-બ્નનાર વચ્ચે પ્રેમસબંધ હોય તેવી હકીકત ભોગ બનનારના નીવેદનથી રેકર્ડ ઉપર આવેલ હોય તે હકીકત લક્ષમાં લેતા તેમજ સદર ગુનાની તપાસ પૂર્ણ થઇ જતા ચાર્જશીટ રજુ થઇ ગયેલ છે અને આ કામના અરજદાર સ્થાનીક રહેવાસી છે, સદર ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે, આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તેમ છે, જે હકીકત ધ્યાને લેતા **જામીન એ નિયમ અને જેલ એ અપવાદ**ના સિધ્ધાંતને ધ્યાને લેતા તેમજ **નામ.સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઇ.**ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જીમન કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્ર મંતવ્ય છે. જેથી હાલના આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩

મુજબની ન્યાયીક વિવેકબુધ્ધિની સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયીક જણાય છે. સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે અરજદારની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર પ્રતીકભાઇ ગીગાભાઇ ગોરજીયા, રહે. બામણાસા ગામ, તા.કેશોદ, જી.જુનાગઢ નાઓને બાંટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૬૨૦૦૧૮/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૮૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ-૪, ૬ મુજબના ગુનાના કામે રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુકચરા આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :**

(૧) અરજદારે ફરીયાદપક્ષના સાહેદોને કોઇ ધાક ધમકી, લોભ લાલચ કે પ્રલોભન આપવા નહી.

(૨) અરજદારે સદર કેસના પુરાવા સાથે ચેડા થાય તેવું કોઇ કૃત્ય કરવું નહી.

(૩) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ તેમનો પાસપોર્ટ નીચેની અદાલતમાં રજુ કરવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામુ નીચેની અદાલત સમક્ષ જામીન મુકત થયા બાદ દિવસ-૨(બે) માં રજુ કરવું.

(૪) અરજદારે આ કોર્ટની પૂર્વ પરવાનગી સીવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૫) અરજદારે કેસની ટ્રાયલ વખતે નિયમીત કોર્ટમાં હાજર રહેવું.

(૬) અરજદારે આ હુકમની તારીખથી ૯૦ દિવસ સુધી દરેક અંગ્રેજી મહીનાની ૧ થી ૧૦ તારીખ દરમ્યાન સબંધીત પોલીસ સ્ટેશનમાં અચુક હાજરી પુરાવવાની રહેશે.

(૭) અરજદારે પોતાનું હાલનું તેમજ કાયમી સરનામુ પુરસીશથી જાહેર કરવું તથા જો મોબાઇલ નંબર ધરાવતા હોય તો મોબાઇલ નંબર રજુ

કરવો. સરનામુ તથા મોબાઈલ નંબર આ અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવુ નહી અને જો બદલવાનું થાય તો સબંધીત પોલીસ સ્ટેશન તથા આ અદાલતને તુરત જ જાણ કરવી.

(૮) અરજદારે રજુ કરેલ સરનામુ તેઓના આ કેસની ટ્રાયલ દરમ્યાન કાયમી ગણાશે.

જામીન નીચેની અદાલતમાં આપવાના રહેશે.

આ હુકમની નકલ સબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી તથા સબંધીત જેલ ઓથોરીટીને ચાદી કરવી.

હુકમ આજ તા. ૨૨ મી, માહે-જુન સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૨૨/૦૬ /૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**